**–: ડી ટ્રાફિક પોલીસ સ્ટેશનનાં આખરી હેવાલ નં. ૧૧/૨૦૧૬ નાં કામે હુકમ :–**

ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, એમ.વી.એક્ટની કલમ –૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી) મુજબ તે એવી રીતે કે, કોઈ અજાણ્યા વાહને તારીખ ૧૨/૦૧/૨૦૧૬ નાં રોજ કલાક ૧૮–૦૦ વાગ્યાનાં સુમારે, કાલુપુર અલંકાર સિનેમા પાસે, જાહેર રોડ ઉપર, આ કામનાં ફરિયાદીનાં દિકરા રમેશભાઈ મનોહરભાઈ નારણીયા, ઉ.વ.૨૨ નાને ટકકર મારી, ડાબા હાથ ઉપર ટાયર પસાર કરી દઈ, ઈજા કરી નાસી જઈ ગુનો કર્યા બાબતની ફરિયાદ, આ કામનાં ફરિયાદીએ કરેલ. તે બાદ આ કામે તપાસ કરતાં હકીકત જાણવા મળેલ કે, અકસ્માત કોઈ અજાણ્યા વાહનથી થયેલ નહિ. પરંતુ, કાલુપુર રેલ્વે સ્ટશનનાં અંદરનાં ભાગે પ્લૅટફૉર્મ નં. ૧૨ પાસેથી રેલ્વે પાટા ક્રૉસ કરતી વખતે ટ્રેન આવી જતાં, અકસ્માત થયેલ. પરંતુ, ફરિયાદીએ જે તે વખતે કંઈ ખબર ન હોવાથી ફરિયાદ લખાવી દીધેલ. પરંતુ, જયારે ભોગ બનનાર રમેશભાઈ ભાનમાં આવતાં, બનાવ રેલ્વેમાં રેલ્વે ટ્રેનમાં આવી જતાં બનાવ બનેલાંની હકીકત બહાર આવતાં, આ કામે ફરિયાદીની ફરિયાદમાં "હકીકતની ભૂલનાં કારણે" બનાવ બનેલાંનું જણાઈ આવેલ હોય, જેથી સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા "સી–સમરી" ભરવામાં આવેલ.

આ કામે ફરિયાદીને નોટિસ કાઢવામાં આવેલ છે. પેપર ધ્યાને લીધાં. "સી–સમરી" મંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને સ્પેશીયલ સીટીગમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**(આર.બી.ઈટાલીયા)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૧૬, અમદાવાદ.**
**કોડ નં. જીજે૦૮૨૪.**

**તારીખ : ૧૪/૧૨/૨૦૧૯.**
**મુકામ : અમદાવાદ.**

પ્રકાશ બી.પટેલ–પી.એ.